# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

<u>અખબારી યાદી</u> તા.૦૩/૧૦/૨૦૧૦

- **ગાંધીજીની હત્યા માટે જવાબદાર વિચારધારાને વરેલા મુખ્યમંત્રીશ્રી સ્વાર્થ માટે ગાંધીજીનો સહારો લે છે.**
- **હજારોની હિંસા માટે જવાબદાર મુખ્ય મંત્રીશ્રી અહિંસના પૂજારી ગાંધીજીનું નામ લેવા હકકદાર નથી.**
- **ગાંધી વિચારધારાના ચાર આધાર સ્થંભ અહિંસા, સત્ય, સાદગી અને દંભ રહિત જીવન થી સદંતર વિપરીત ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નું જીવન.**
- **ગાંધીજી ના નામે કોઈ ગઠીયા ગુજરાતની જનતાને ગુમરાહ ન કરી શકે.**

મહાત્મા ગાંધીજીની હત્યા માટે જે વિચારધારા જવાબદાર છે તે વિચારધારાને વરેલા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સ્વાર્થ માટે મહાત્મા ગાંધીજીના નામનો ઉપયોગ કરે છે. મહાત્મા ગાંધીજીએ પોતાની વિચારધારાના ચાર મુખ્ય આધારો તરીકે અહિંસા, સત્ય, સાદગી, અને દંભ રહિત જીવન ગણાવ્યા હતા. આ ચારેય વસ્તુઓથી વિપરીત વર્તન ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું છે. ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીની રાજનિતી હિંસાના આધાર પર રચાયેલી છે. સવાર થી સાંજ અસત્ય તેમના મુખેથી વહેતું રહે છે. વૈભવી વિમાનો અને વિલાસભર્યુ જીવન પોતે જીવે છે. દંભની દૂનિયામાં નં.૧ જેવું તેમનું જાહરે જીવન છે. ગુજરાતની શાણી જનતા સામે મુખ્યમંત્રીશ્રીના અસલી ચારિત્યનો પર્દાફાશ થઈ રહયો છે. ત્યારે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં માત્ર રાજકીય સ્વાર્થ ખાતર ૨ જી ઓકટોબરનાં પવિત્ર દિવસે મહાત્મા ગાંધીજીના નામનો સહારો મુખ્યમંત્રીશ્રી એ લેવાનો પ્રયત્ન કર્યો છે. ગાંધી વિચારધારાથી સંપૂર્ણ વિપરિત જીવન જીવનારાને ગાંધીજીના નામનો ઉલ્લેખ કરવાનો પણ અધિકાર નથી.

મહાત્મા ગાંધીજી ગરીબના ઝૂંપડાંની ચિંતા કરતા હતા, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શ્રીમંતોની જ સરભરા કરે છે. મહાત્મા ગાંધીજી થર્ડ કલાસનાં ડબામાં ફરતા હતા જયારે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી વૈભવી વિમાનો અને હેલીકોપ્ટર સિવાય ફરતા નથી. મહાત્મા ગાંધીજી ટુંકી પોતડી પહેરતા હતા તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બ્રાન્ડેડ કપડાઓ બહુરૂપીની જેમ દિવસમાં ત્રણ વખત બદલે છે. મહાત્મા ગાંધીજી અહિંસાના હિમાયતી હતા, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ હજારો ગુજરાતીઓની હિંસામાં પોતાનો હાથ અજમાવ્યો છે. આમ પૂ.બાપુના સિધ્ધાંતોનું ત્યારે હળહળતું અપમાન થાય છે જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પૂ.બાપુના નામનો ઉલ્લેખ કરે છે. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગાંધીજીના નામે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપના ગઠીયાઓને વેચવાનો પ્રયત્ન કરવાના બદલે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ ગાંધી વિચારધારાને અનુરૂપ પહેલા જીવતાં શીખવું પડે.

---

પ્રતિ, તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

( જે.જે. રસાણીયા )
અંગત મદદનીશ